

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચૂંટણીમાં, 'રામ' પક્ષોની ભીડમાં ફસાઈ જશે !*
*નેતાઓના ઘસારાથી પગથિયાં ઘસાઈ જશે !*
*વિસરાઈ જશે 'મંદિર' પછી ભૂખી પ્રજા જેમ -*
*આવી સ્વાર્થી સ્પર્ધાથી મતદારોમાં હસાઈ જશે...*

### હાઈકુ

*રાખે જાગૃત -*
*કુંભકર્ણ નેતાને -*
*ચૂંટણી ડર...*
*(પેટ્રોલ ઠંડુ પડયું ?!)*

*શસ્ત્રો ખરીદી*
*હવે ફસાઈ બિલ્લી -*
*બે શ્વાસ વચ્ચે !!*
*(પુતિન-ટ્રંપ વચ્ચે)*

### ચિંતન

**અનંતશક્તિ સંપન્નો માયોપાધિક ઈશ્વરઃ ।**
**ઈક્ષામાત્રેણ સૃજતિ વિશ્વમેતચ્ચરાચરમ્ ॥**

ઉપરોક્ત શ્લોક સર્વવેદાંત સિદ્ધાંત સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

માયારૂપી ઉપાધિવાળા આનંદ શક્તિઓથી યુકત ઈશ્વર ઈચ્છા માત્રથી જ આ સ્થાવર - જંગમ જગતને ઉત્પન્ન કરે છે.

ગીતાજીમાં કહ્યું છે માયા પણ હું છું મુક્તિ પણ હું છું જે જગત-સંસાર-માયા - ઉત્પન્ન કર્યા અને વિનાશ પણ હું જ કરવાનો છું. માનવીને કર્મના ફળ આપવા માયાની રચના કરી તેને મુક્તિ આપે છે.

### સુવિચાર

- જબ ચલના નહીં આતા થા, તબ... ગિરને નહીં દેતે થે લોગ....
  જબસે સંભાલા હૈ ખુદ કો ગિરાને કી સોચતે હૈ લોગ - **નાઝ અમરોહી**
- અસંખ્ય વેધક સવાલોથી ગભરાઈ ગઈ છે આ ઝીંદગી, કોઈ એક ને યાદ કરવામાં વિસરાઈ ગઈ છે આ ઝિંદગી, કોયડો હતી જ, કોયડો છે અને કોયડો જ રહેશે, ભ્રમ ભલેને હોય ઘણાને કે સમજાઈ ગઈ છે આ ઝિંદગી - **જનકલ્યાણ**
- આ જગત કોઈનું કોઈ પણ રીતે ઋણી નથી છતાં....
  આશ્ચર્ય એ છે કે ઋણી ન હોવા છતાં તે આપ્યા જ કરે છે. જે એક પરોપકાર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દુર્જન જયારે સંત હોવાનો ઢોંગ કરે તે વખતે તે વધુ દુષ્ટ બનતો હોય છે - **ઝેન કથન**
- જે માનવીને ઈશ્વર મય બનાવે છે તે જ સાચો ધર્મ.... ધર્મ એ નિર્વાણ મોક્ષની કેડી પર ચડાવે છે, જયારે એ ધર્મ નર્કાગાર તરફ લઈ જાય છે - **ડોંગરેજી**
- પ્રભુ પાસે દયા બે રીતે મેળવી શકાય છે... પાપનો દિલથી એકરાર કરવાથી અને કરેલા પાપોને સુધારી લેવાથી **- ગ્રંથ સાહેબ**
- આજનું ઔષધ : એરંડીયા સાથે બેકીંગ સોડાની પેસ્ટ બનાવી મસા ઉપર લગાવવાથી એક-બે મહિનામાં મસા મટી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઓલિમ્પિકમાં બર્લિનમાં ભારતે હોકીની ફાઈનલ મેચમાં જર્મનીને ૧૬-૧ હરાવી ગોલ્ડ મેડલ મેળવ્યો. આ મેચ જોવા હીટલર ખુદ હાજર હતા. મેચના બીજા દિવસે ભારતની હોકી ટીમ સાથે હિટલરે સૌજન્ય મુલાકાત ગોઠવી. આ મેચમાં એકલા ધ્યાનચંદ્ર ૧૫ ગોલ્ડ કર્યા હતા. આ મેચ પહેલાં ધ્યાનચંદ્ર ભારતીય લશ્કરમાં એક સામાન્ય સૈનિક હતા. હીટલરે ભારતીય ટીમ સાથે વાત કરવા દુભાષિયો રાખ્યો હતો. હીટલરે ધ્યાનચંદને કહ્યું, 'ભારત સરકારની આ લાન્સ નાયકની નોકરી છોડી જર્મનીમાં આવી જાઓ. તો તમને હું જર્મન લશ્કરમાં ઊંચી પદવી આપીશ, ભારત તમારો ઉદ્ધાર નહીં કરે.' હીટલરની આવી વાત સાંભળી ભારતીય સપૂત ધ્યાનચંદે જવાબમાં કહ્યું, ભારત દેશ મારો ઉદ્ધાર કરે એમ નહીં પણ મારે ભારતનો ઉદ્ધાર કરવાનો છે, મારો દેશ જ મારા માટે સ્વર્ગ છે. મારી દેશદાઝ અને માતૃભૂમિ પર મને ગર્વ છે. હીટલરની આ જવાબ સાંભળી બોલતી બંધ થઈ ગઈ હતી.

# 'મી ટુ' ચળવળનો દુરુપયોગ અટકાવીએ

**તંત્રીસ્થાનેથી...**

તનુશ્રી દત્તા નામની અભિનેત્રીએ જાણીતા અભિનેતા નાના પાટેકર વિરુદ્ધ કાઢેલી હૈયા વરાળના પગલે અનેક મહિલાઓ પોતાને થયેલ હેરાનગતિની વિગતો જાહેર કરવા લાગી છે. 'મને પણ...' , '- મી ટું...' નામે ઓળખાતી આ ચળવળ જોર પકડી રહી છે અને એમાં જાણીતી સેલિબ્રિટીઝની બાંધઈ મૂઠી ખૂલી જાય એવો માહોલ સરજાયો છે. આ ચળવળ મહિલા સન્માન માટેની હોય તો જરૂર આવકારદાયક છે પરંતુ એનો દુરુપયોગ થવાની પણ એક લેખિકાએ આ જ પ્રકારનો આક્ષેપ કર્યો ત્યારે એ બેસ્ટ સેલર લેખકે તાબડતોબ એની અને પોતાની ધર્મપત્ની - બેઉની માફી માગતું નિવેદન કરી દીધું. પરંતુ પછી એ જ મુદ્દો ઊછળ્યો અને સોશિયલ મીડિયા પર એની જોરશોરથી ચર્ચા શરૂ થઈ ગઈ ત્યારે ચેતન ભગતે પોતાના વાચકો અને ચાહકો જોગ જે રજૂઆત કરી છે તે અગત્યની છે.

એમણે સ્પષ્ટતા કરી છે કે પોતે કયારેય કોઈને હેરાન-પરેશાન કરેલ નથી, એ એમની પ્રવૃત્તિ જ નથી. જે લેખિકાએ આક્ષેપ મૂક્યો એ અશ્લીલ લખાણો માટે જાણીતાં છે અને સામે ચાલીને એમણે ચેતન ભગતને એક નવલકથા અથવા પુસ્તક સહલેખકો તરીકે લખવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. એમની મીઠી મધ ચુલબુલી ચર્ચાના પ્રતિસાદ તરીકે ચેતન ભગત જરૂર એમના તરફ ફૂણું વલણ ધરાવતા થયેલા. પણ ત્યારે એમને કલ્પના પણ ન હતી કે આવી અંગત વાતચીતનો આટલી હદે દુરુપયોગ થશે. ચેતન ભગતે આ મુદ્દે થયેલી ચર્ચા પર જાતે પૂર્ણવિરામ મૂકી દીધું છે. એથી એમનાં ૭૦ વર્ષની વયનાં માતા, તરુણ - કિશોર વયનાં બાળકો અને શ્વશુર પક્ષનાં વડીલો ઉપરાંત જીવનસંગિનીને જે વ્યથા પહોંચી રહી છે એનો હવાલો આપી આ 'મી ટુ' જેવી શુભાશયથી શરૂ થયેલી ચળવળને આડે પાટે ચડાવાઈ રહી હોવાનો આક્ષેપ પણ કર્યો છે. નાના પાટેકર જેવા સુપ્રસિદ્ધ અભિનેતાએ તનુશ્રીને અંગત સીન આપવાનો આગ્રહ કર્યો અને એણે તૈયારી નહીં બતાવતાં ગુંડાઓ બોલાવી એને ધમકાવી તે ઘણી કમનસીબ ઘટના જ ગણાય. તનુશ્રીએ હિંમત દાખવીને અવાજ બુલંદ કર્યો તે મહિલાની અંતર્નિહિત શક્તિનો જ પરચો હતો. એણે જ વાત સોશિયલ મીડિયા પર કરી એને મેનગા ગાંધીથી લઈ ઐશ્વર્યા રાય સુધીની સેલિબ્રિટીઝનું સમર્થન સાંપડ્યું છે. જો કે અમિતાભ બચ્ચને સાક્ષીભાવે કહ્યું કે હું તનુશ્રી દત્તા નથી કે નાના પાટેકર નથી એટલે આ મુદ્દે કશું જ કહી શકીશ નહીં. આ બાત એવી સેન્સિટીવ છે કે એને નજર અંદાજ ન કરી શકાય, તો એનો દુરુપયોગ પણ ન થાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે. એક જાણીતી અભિનેત્રીએ નુસ્લી વાડિયા સામે પોતાની છેડતી અંગે કરેલી ફરિયાદ હાઈકોર્ટે કાઢી નાખી છે. સ્ત્રીઓ, દલિતો અને આદિવાસીઓ માટેના વિશિષ્ઠ કાયદાનો જે વ્યાપક દુરુપયોગ થતો રહ્યો છે તે કોઈથી અજાણ્યું નથી રહ્યું. 'મી ટુ...' મુવમેન્ટ આવદારદાયક જરૂર છે, પણ એની સામે ખોટી ફરિયાદો કરી સેલિબ્રિટીઝને લોકનજરે ઉતારી પાડવાની અને માતબર વળતર વસૂલવાની સાજિશની સંભાવના પણ નકારી શકાય એમ નથી. નાના પાટેકરે પોતાના પક્ષ રજૂ કરવા પત્રકાર પરિષદ બોલાવવાનો વિચાર કર્યા પછી એ મુલતવી રાખેલ છે. કદાચ એ પણ હવે તનુશ્રીને કાયદાની છત્રછાયા હેઠળ જ જવાબ આપશે. હિંમતબાજ તનુશ્રીને જરૂર વખાણીએ પણ એવી હિંમતનું નાટક કરનારી મહિલાઓ પણ મેદાનમાં આવી શખે છે, તે યાદ રાખવું પડશે.

# રાજધર્મની જીત, હૃદયધર્મની હાર

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



શાન્તા અને ઋષ્યશૃંગ દશરથના દીકરા અને જમાઈ હતા. ઋષ્યશૃંગે બાર વર્ષ ચાલે એવો યજ્ઞ શરૂ કર્યો. આ યજ્ઞમાં અયોધ્યાથી રામની ત્રણ માતાઓ, વસિષ્ઠ અને અરુંધતી ગયા હતા.



રામનો રાજયાભિષેક થઈ ગયો. આ પ્રસંગે રાજર્ષિ જનક એના પરિવાર સાથે આવ્યા હતા, એમણે વિદાય લીધી. સીતા એના કારણે દુઃખી હતી. એ ગર્ભવતી હતી. રામે એની પ્રસન્નતાનો ઉપાય શોધી કાઢ્યો. રામ અને લક્ષ્મણ એને ચિત્ર વિચિકામાં લઈ ગયા.

આમાં રામના પૂર્વ જીવનનાં ચિત્રો હતા. આ ચિત્રો તાડકાવધથી સીતાની અગ્નિશુદ્ધિ સુધીનાં હતા. આ જાણીને રામે કહ્યું, 'અગ્નિ સીતાને શું પવિત્ર કરવાનો ? સીતા તો જન્મથી જ પવિત્ર છે. તીર્થ જળને કોણ પવિત્ર કરી શકે?'

રામને વસિષ્ઠ અને અરુંધતી તરફથી બે સંદેશા મળ્યા હતા. 'રાજય નવું છે, તું યુવાન છો. પ્રજા ખુશ રહે એ રીતે રહેજે.' આ સાંભળીને રામે કહ્યું હતું, 'લોકોને ખુશ રાખવા માટે સીતાને છોડવી પડે, તો પણ મને દુઃખ ન થાય.' સીતાએ આનું સમર્થન કર્યું અને પ્રશસ્તિ કરી. 'એટલા માટે તો તમે રઘુકુળમાં શ્રેષ્ઠ છો.'બીજા સંદેશો હતો - 'સીતાની દોહદપૂર્તિ કરજે.'

ચિત્ર વિચિકાના ચિત્રો જોઈને સીતાએ, રામ પાસે ઈચ્છઆ વ્યક્ત કરી. 'મારે તમારી સાથે ફરીથી વનવિહાર કરવો છે.' રામે લક્ષ્મણને આદેશ કર્યો. 'આંચકા ન લાગે, એવો રથ તૈયાર કરાવ.' લક્ષ્મણ આદેશનું પાલન કરવા નીકળી ગયો.

હડકાયા કૂતરાના ઝેરની જેમ અયોધ્યામાં સીતા માટે અપવાદ ફેલાયો હતો. 'સીતાએ પરગૃહનિવાસ કર્યો છે.' અયોધ્યાના નગરજનોમાં રામના ગુપ્તચરો ફરતા હતા. આમાંનો એક દુર્મુખ નામનો ગુપ્તચર હતો. એ આ અપવાદ સાચો માનતો ન હતો. પણ ફરજના ભાગ રૂપે પણ એણે કહેવું તો પડે જ. એણે રામના કામના આ અપવાદ કહ્યો

એ વખતે સીતા થાકીને રામને હાથનો ટેકો કરીને સૂતી હતી. રામને માટે તો આ સીતા 'પોતાનાં ઘરની લક્ષ્મી' હતી. એણે તો આ કબૂલ કર્યું હતું કે 'પોતે બધું સહન કરી શકે પમ સીતાનો વિરહ સહન ન કરી શકે.'

આથી એ તો શોકના તીવ્ર આઘાતને કારણે મૂર્છા પામી ગયા. જાગ્રત થયા પછી એણે દુર્મુખ સાથે લક્ષ્મણ માટેનો આદેશ કર્યો. ત્યારે દુર્મુખે વિરોધ કર્યો કે, 'અગ્નિશુદ્ધ થયેલી છે, તો તમે કેમ આમ કરો છો ? રામે સ્પષ્ટતા કરી કે 'અગ્નિ શુદ્ધિ લંકામાં થઈ છે, તે અયોધ્યા નગરજનોએ કયાં જોઈ છે ?' 'દુર્મુખ લક્ષ્મણ પાસે ગયો.'

રામે સીતાનાં ચરણઓમાં માથું ટેકવીને આક્રન્દ સાથે માફી માંગી. પોતાની જાતને પારાવાર ધિક્કારી અને કહ્યું, 'ઘરનો માલિક સામે ચાલીને પોતાના પિંજરના પંખીને કસાઈને સોંપે એવું આ મારું ઘાતકી કૃત્ય છે.' રામે વિદાય લીધી. સીતા ઊંઘમાંથી ઝબકીને જાગી અને કહ્યું, 'કયાં છો આર્યપુત્ર ?'

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી હાલ કયાં કાર્યરત છે?

ખજાનો
અનિલ પટેલ



## ખેલ જગત

૧ સોલ્ટ લેક સ્ટેડિયમ કયાં આવેલું છે?
(અ) મુંબઈ (બ) કોલકાત્તા
(ક) દિલ્હી (ડ) લખનૌ

૨ એઝરા કપ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) પોલો (બ) ગોલ્ફ
(ક) સ્કેટીંગ (ડ) ટેબલ ટેનિસ

૩ દ્રૌણાચાર્ય પુરસ્કારની શરુાત કયારથી કરવામાં આવી ?
(અ) ૧૯૭૦ (બ) ૧૯૭૫
(ક) ૧૯૮૦ (ડ) ૧૯૮૫

૪ સયાલી ગોખળે કઈ રમત સાથે સંકળાયેલ છે?
(અ) શુટીંગ (બ) ચેસ
(ક) બિલિયર્ડ (ડ) જિમ્નાસ્ટિક

૫ સર આશુતોષ મુખરજી ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) ક્રિકેટ (બ) હૉકી
(ક) ફૂટબોલ (ડ) વૉલીબોલ

૬ પોલોની એક ટીમમાં કેટલા ખેલાડી હોય છે?
(અ) પાંચ (બ) સાત
(ક) નવ (ડ) અગિયાર

૭ ચીનની રાષ્ટ્રીય રમત કઈ છે ?
(અ) કરાટે (બ) ટેબલ ટેનિસ
(ક) બેડમિન્ટન (ડ) હોકી

૮ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિકનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) લુસાને (સ્કોટલેન્ડ) (બ) લંડન (ઈંગ્લેન્ડ)
(ક) જીનિવા (સ્વિત્ઝર્લેન્ડ (ડ) પેરિસ (ફ્રાન્સ)

૯ રાષ્ટ્રીય રમત દિવસ કયારેક ઉજવાય છે ?
(અ) ૨૦ ઓગસ્ટ (બ) ૨૯ ઓગસ્ટ
(ક) ૧૦ ઓક્ટોબર (ડ) ૧૪ ડિસેમ્બર

૧૦ ૧૬મો ફિફા વર્લ્ડકપ કયા દેશમાં યોજાયો હતો ?
(અ) ભારત (બ) સ્કોટલેન્ડ
(ક) બ્રાઝીલ (ડ) દક્ષિણ આફિકા

૧૧ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી હાલ કયાં કાર્યરત છે?
(અ) અમદાવાદ (બ) ગાંધીનગર
(ક) ડીસા (ડ) રાજપીપળા

૧૨ બેડમિન્ટનમાં કઈ ગુજરાતી મહિલાને અર્જુન એવોર્ડ મળેલ છે ?
(અ) પારૂલ પરમાર (બ) સુફિયાખાન શેખ
(ક) કૃપાલી પટેલ (ડ) વૈશાલી મકવાણા

૧૩ જાણીતા હોકીના કોચ 'કિશન કર્વે' કયા હુલામણા નામથી જાણીતા હતા?
(અ) ચાચા (બ) મામા
(ક) દાદુ (ડ) બાપુ

૧૪ અર્જુન એવોર્ડ વિજેતા કૃપાલી પટેલ કઈ રમતની ખેલાડી હતી ?
(અ) બેડમિન્ટન (બ) જિમ્નાસ્ટીક
(ક) ટેબલ ટેનિસ (ડ) શૂટીંગ

૧૫ સતીષ મોહનનું નામ કઈ રમત સાથે જોડાયેલું છે ?
(અ) બિલિયર્ડ (બ) ગોલ્ફ
(ક) ચેસ (ડ) વોલીબોલ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧૨ ઓક્ટોબર : વિશ્વ દૃષ્ટિ દિવસ**
  - ૧૪૯૨માં કોલંબસ અમેરિકા પહોંચ્યો
  - સુપ્રસિદ્ધ લેખક અને સ્વતંત્રતા સેનાની ડૉ. રામ મનોહર લોહિયાનું નિધન (૧૯૬૭)
  - ગાંધી યુગના કવિ પ્રહલાદ પારેખનો જન્મદિવસ (૧૯૧૨)
  - મેરિસ્કો શહેરમાં ૧૯મી ઓલિમ્પિકની શરુઆત થઈ (૧૯૬૮)
- **૧૩ ઓક્ટોબર : (ઈન્ટરનેશનલ નેશનલ ડે ફોર ડિઝાસ્ટર રિડકશન)**
  - તેજસ્વી ધારાશાસ્ત્રી ભુલાભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૮૭૭)
  - વિતેલા જમાનાના ફિલ્મ અભિનેતા વિનોદ ખન્નાનો જન્મદિવસ (૧૯૪૬)
  - બોલીવુડના દાદા મુનિ અશોકકુમારનો જન્મદિવસ (૧૯૧૧)
  - સમાજ સુધારક સિસ્ટર નિવેદિતાનું નિધન (૧૯૧૧)
- **૧૪ ઓક્ટોબર : વિશ્વ માનવ દિવસ**
  - સમર્થ સિતાર વાદક નિખિલ બેનર્જીનો જન્મદિવસ (૧૯૩૧)
  - વિશ્વ શાંતિના પ્રણેતા અને અમેરિકાના પ્રમુખ આઈઝન હોવરનો જન્મદિવસ (૧૮૯૦)
  - ડૉ. બાબા સાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મ અંગિકાર કરવાની જાહેરાત કરી (૧૯૫૬)
  - ક્રિકેટર ગૌતમ ગંભીરનો જન્મદિવસ (૧૯૮૧)
- **૧૫ ઓક્ટોબર : (યુવા નવ જાગૃતિ દિવસ / ગ્લોબલ હેન્ડ વોશિંગ ડે)**
  - જાણીતા સાહિત્યકાર શેખાદમ આબુવાલાનો જન્મદિવસ (૧૯૨૯)
  - ખ્યાત નામ સંગીતકાર દિલીપ છોળખીયાનો જન્મદિવસ (૧૯૨૯)
  - મરાઠી ભાષાના કવિ નારાયણ સુર્વેનો જન્મદિવસ (૧૯૨૧)
  - ડૉ. અબ્દુલ કલામનો જન્મદિવસ (૧૯૩૧)
  - તાતા કંપનીએ પ્રથમ હવાઈ સેવાની શરુઆત કરી (૧૯૩૨)
  - મનુભાઈ પંચોળી 'દર્શક'ની જન્મજયંતિ (૧૯૧૪)
- **૧૬ ઓક્ટોબર : વિશ્વ અન્ન દિવસ**
  - રાષ્ટ્રીય શૌર્યવંતા છેલભાઈ દવેને જન્મદિવસ (૧૮૮૯)
  - સ્વતંત્ર ઈઝરાયેલના પ્રથમ વડાપ્રધાન ડેવિન - બેન ગુરિયનનો જન્મદિવસ (૧૮૮૬)
- **૧૭ ઓક્ટોબર : વિશ્વ મનોરોગ જાગૃતિ દિવસ**
  - ક્રિકેટર અનિલ કુંબલેનો જન્મદિવસ (૧૯૭૦)
  - જાણીતા સમાજ સેવક બળવંતભાઈ મનવરનો જન્મદિવસ (૧૯૪૭)
  - સ્વામી રામતીર્થની પુણ્યતિથિ (૧૯૦૭)
  - અભિનેતી સ્મિતા પાટીલનો જન્મદિવસ (૧૯૫૫)
- **૧૮ ઓક્ટોબર**
  - ગૂજરાત વિદ્યાપીઠનો સ્થાપના દિવસ (૧૯૨૦)
  - મહાન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસનનું નિધન (૧૯૩૧)
  - દમદાર અભિનય સમ્રાટ ઓમપુરીનો જન્મ દિવસ (૧૯૫૦)
  - બીબીસીની સ્થાપા થઈ (૧૯૨૨)
  - ડૉ. રાધાકૃષ્ણનને ગુજરાત રીફાઈનરીમાં બે ઘટકોનું ઉદ્ઘાટન કર્યું. (૧૯૬૬)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કયા ત્રણ વૈજ્ઞાનિકોને નોબલ પુરસ્કાર મળ્યો ?**
**જવાબ : મફાન્સિસ અર્નોલ્ડ, જયોર્જ પી. સ્મિથ, સર ગ્રેગરી પી. વિન્ટર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬
(૩) રુચિત એ પટેલ : ધોળેશ્વર પાસે (૪) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪
(૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) મૂળજીભાઈ પરમાર : સે-૭બી
(૭) મીત પટેલ : સે-૨૩ (૮) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કોણે કરી હતી ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# આપણે ઘર-વ્યવસાયમાં દીપક કેમ પ્રગટાવીએ છીએ

રંગ-ઉમંગ
કાનન ઓઝા



આદિ માનવની બધી જ જાણીતી ઉપલબ્ધિઓમાં જે બે અગત્યની ઉપલબ્ધિ ગણવામાં આવે છે. તેમાં અગ્નિની શોધ એન પૈંડાની શોધનો સમાવેશ થાય છે. અગ્નિની શોધ માનવના જીવનમાં ક્રાંતિ લાવી દીધી હતી. અગ્નિ વડે તેને ગરમી તો મેળવી પણ સાથે સાથે પ્રકાસ પણ મેળવ્યો તેણે જોયું કે રાત્રિના ઘોર અંદકારમાં અગ્નિની જવાળા દૂર સુધી જોવામાં આવે તેણે મદદરુપ થતી હતી. આ સિવાય જે બીજો લાભ થયો તે હતો કે જંગલી પ્રાણીઓ, અગ્નિની જવાળા જોઈ દૂર ભાગી જતાં હતા.



એ અગ્નિમાંથી જ જન્મ થયો. દીપકનો અગાઉના સમયમાં વીજળી ન હતી કે - હતો તેનો ઝળહળતો પ્રકાશ. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય મનુષઅય જીવનનિર્વાહ માટેની પોતાની પ્રવૃત્તિઓમાં ગાળતો હતો. રાત્રિના અંધકારમાં ટમટમતો દીપક જ તેને પ્રકાશ આવી તેની આજુબાજુના વાતાવરણને ચેતનમય બનાવતો હતો.

આમ માનવે જોયું કે દીપક અંધકારનો નાશ કરે છે. વાતાવરણને તેજોમય બનાવે છે. અને વળી એક દીપક અનેક દીપકને પ્રગટાવી શકે છે. ઘરના ઓરડામાં જયારે આછો અંધકાર હોય છે. અને ઘરના ગોખણાં પોતાની આસ્થાનું પ્રતિક કે છબી કે મૂર્તિ સ્વરુપે હોય છે. ત્યારે માનવે તેની પાસે નાનકડો દીપકને પ્રગટાવવાની શરૂ કર્યુ હતું. જે સમયે જતાં એક પરંપરા બની ગી હતી. આ પરંપરા આગળ જતાં વિસ્તરીને વ્યવસાય સુધી પહોંચી ગઈ હતી.

ભારતનાં કરોડો ઘર અને વ્યવસાયમાં સ્થળોએ દીપક ખૂબ જ માનપૂર્વક, સ્નેહપૂર્વક અને અનન્ય આસ્થા સાથે પ્રગટાવવામાં આવે છે અને પોતાની આસ્થાની એ અનન્ય શક્તિ પાસે 'સર્વ મંગલ થાઓ' ની પ્રાર્થના કરવામાં આવે છે.

આ મંગલ પ્રકાશમય પરંપરા આપણે ત્યાં હવે દરેક મહત્ત્વના પ્રસંગોએ જોવા મળે છે. ઉદ્ઘાટન, જન્મદિનની ઉજવણી, લગ્ન કે તહેવારોમાં દીપકનું સ્થાન અચૂકપણે નક્કી હોય છે. કેટલાંક મંદિરોમાં અખંડ દીપક પ્રગટાવેલો રાખવાં આવે છે. જયારે આજે પણ ઘણાં ઘરોમાં પીવાનું પાણી જયાં રાખવામાં આવે છે. તે પાણિયારામાં સવાર ને સાંજ દીપક પ્રગટાવવાનો રિવાજ છે. જળ અને દીપકનો આવો સુંદર સંગમ ફક્ત ભારતમાં જ જોવા મળે છે.

ભારતનાં કરોડો ઘરોમાં આ રીતે દીપકને અને તે પણ શુદ્ધ ઘીના દીપકને પ્રગટાવવા પાછળ શું કોઈ વૈજ્ઞાનિક કારણ હોઈ શખે તેવો સવાલ રશિયન વૈજ્ઞાનિકોને થયેલો, તેઓએ એક ઓરડામાં આ રીતે ઘીનો દીવો દીવો અખંડ રીતે આ રાખી એ ઓરડાના વાતાવરણની પરીક્ષા કરી હતી. તેઓને જે તથ્ય જાણવા મળ્યું તે એ હતું કે ઘીના દીપકમાંથી જ ધ્રુમસેર નીકળે છે. તેનાથી વાતાવરણમાં રહેલા સૂક્ષ્મ પણ બિનઆરોગ્યપ્રદ જીવાણુઓ નાશ પામે છે. અને હવા શુદ્ધ બને છે.

ધાર્મિક માન્યતા પ્રમાણે રીતાની શક્તિઓ હંમેશા અંધકારમાં પોતાનું કાર્ય કરતી હોય છે. મનુષ્યનું મન પણ એવું જ છે કે કે અંધકારમાં તેને નકામા, ગંદા, અપવિત્ર કામો કરવાનું મન થાય છે. તેથી જ જોવામાં આવ્યું છે કે ચોરી, બળાત્કાર જેવો પાપકર્મો અંધકારમાં થતાં હોય છે. પરંતુ જયાં પ્રકાશ થાય છે કે તરત જ બધી જ આવી મલીન શક્તિઓ દૂર ભાગે છે.

દીપક એ આદિ માનવની શરુઆતની મહત્ત્વની ઉપલબ્ધિઓ માનું અગત્યનું પ્રતીક છે. તેથી ભારતમાં જનજીવનમાં તેનું સ્થાન અચળ અને અનુપમ છે. અંધકારને દૂર કરતાં આ તેજોમય પ્રતીકને અજ્ઞાનતા દૂર કરનાર પ્રતીક તરીકે પણ ઘણા લોકો પૂજે છે.